# સોરઠ ઈન્ટરનેશનલ સ્કુલ, વંથલી રોડ,જુનાગઢ

વિષય : સામાજિક વિજ્ઞાન

પેપર – ૫

વિભાગ – A (24 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 1 થી 24 ના માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો એક ગુણ)**

**♦ યોગ્ય જોડકા જોડો:**

| A | B |
|---|---|
| 1) જૈન મંત્રી વસ્તુપાળ | A) ગરબીઓ |
| 2) કવિ દયારામ | B) મુદ્રારાક્ષસ |
| 3) શાલીહોત્ર | C) લુણવસહી દેવાલય |
| 4) વિશાખા દત્ત | D) અશ્વશાસ્ત્ર |
| 5) કવિ પોન્ના | E) વિજયસ્તંભ |
| | F) શાંતિપુરાણ |

**♦ નીચેના વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.**

6) ભારતમાં 103 રાષ્ટ્રીય ઉદ્યાનો અને 531 અભ્યારણો છે.
7) એકશીંગી ભારતીય ગેંડો માંસાહારી જીવ છે.
8) વેરાવળ બારે માસ ખુલ્લુ રહેતુ બંદર છે.
9) રેલમાર્ગમાં ભારતનું સ્થાન એશિયામાં પ્રથમ અને વિશ્વમાં ત્રીજું છે.
10) એકતામાં વિવિધતા એ ભારતીય સંસ્કૃતિની આગવી વિશેષતા છે.

**♦યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

11) ગ્રામમાર્ગ સડકોનું નિર્માણ અને જાળવણી .......... દ્વારા કરવામાં આવે છે. (ગ્રામપંચાયત, નગરપંચાયત, જિલ્લાપંચાયત)
12) દિબ્રુગઢથી કન્યાકુમારીને જોડતો રેલમાર્ગ ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ છે,જે ....... તરીકે જાણીતો છે. (કર્ણાવતી એક્ષપ્રેસ, વિવેક એક્ષપ્રેસ, રાજધાની એક્ષપ્રેસ)
13) વિકાસશીલ દેશોમાં અર્થતંત્રનું .......... સ્વરૂપ પ્રવેતે છે. (બહુમુખી,દ્વિમુખી,એકમુખી)
14) ........એ રેલમાર્ગ, દરિયાઈમાર્ગ તથા હવાઈમાર્ગનો પુરક બની રહે છે. (રોપવે,મેદાની વિસ્તાર,સડક)
15) WTO નું વડુંમથક .......... ખાતે આવેલું છે. (યુરોપ,જીનીવા,ભારત)

**♦નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.**

16) નીચેના જોડકા પૈકી કયું એક સાચું નથી – તે જણાવો.
A) 1995 – વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના B) 1972 – પૃથ્વી પરિષદનું આયોજન
C) 1981 – ભારતે પ્રદુષણ નિયંત્રણ ધારો પસાર કર્યો. D) 5મી જુલાઈ – પર્યાવરણ દિનની ઉજવણી

17) કેન્દ્ર સરકારે ગ્રાહક સંબંધી કાયદાના નિયમો માટે કઈ સંસ્થા સ્થાપી છે?
A) ગ્રાહક તકરાર નિવારણતંત્ર B) રાષ્ટ્રીય ઉપભોક્તા આયોગ C) રાષ્ટ્રીય ગ્રાહક કમીશન D) ગ્રાહક સુરક્ષા આયોગ

18) માનવ વિકાસ માટે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કઈ સંસ્થા કાર્ય કરે છે?
A) UNESCO B) UNICEF C) FAO D) UNDP

19) ‘વિશ્વ વૃદ્ધ દિન’ ની ઉજવણી કઈ તારીખે થાય છે?
A) 8 - માર્ચ B) 1લી ઓક્ટોબર C) 1લી એપ્રિલ D) 15મી જુન

20) હાલમાં ભારતીય ખેત સંશોધન પરિષદ દ્વારા ભારતની જમીનોને મુખ્ય ........... પ્રકારોમાં વહેચવામાં આવી છે.
A) સાત B) સોળ C) પાંચ D) આઠ

**♦ નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

21) પ્રસ્તર ખડકોમાંથી કઈ ખનીજ મળે છે?
22) ભારતમાં સિંચાઈના મુખ્ય કેટલા માધ્યમો છે?
23) જળ સંસાધનોનો મૂળસ્ત્રોત કયો છે?
24) ઉપનીષદો ક્યાં સ્વરૂપમાં હોય છે?

વિભાગ – B (18 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 25 થી 37 ના ટૂંકમાં ઉત્તર લખો: (દરેકનાં બે ગુણ) (13 માંથી કોઈપણ 09)**

25) ભારતના સાંસ્કૃતિક વારસામાં કઈ – કઈ બાબતોનો સમાવેશ થાય છે?
26) ભારતની એક પ્રાચિનતમ પ્રજા તરીકે આર્યોનો પરિચય આપો.
27) ભવાઈ વિશે ટૂંકી માહિતી આપો.

28) ભારતની એક કલા તરીકે અકીક કામ નો પરિચય આપો.
29) હમ્પી નગરની સ્થાપત્યકલાનો પરિચય આપો.
30) ફતેહપુર સિકરીનો પરિચય આપો.
31) વન્યજીવોના વિનાશના કારણો જણાવો.
32) ધાતુમય ખનીજોનું વર્ગીકરણ કરો.
33) માનવીને ખનીજ સંસોધનો સાથે જુનો અને ગાઢ સંબંધ કઈ રીતે છે?
34) ભારતના સુતરાઉ કાપડ ઉદ્યોગની સામે કઈ કઈ સમસ્યાઓ છે?
35) ભારતના એલ્યુમીનીયમ – ગાળણ ઉદ્યોગનો ટૂંકમાં પરિચય આપો.
36) નક્સલવાદી પ્રવૃત્તિ ક્યાં ક્યાં રાજ્યોમાં ચાલે છે?
37) આતંકવાદ એટલે શું?

વિભાગ – C (18 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 38 થી 46 ના મુદ્દાસર ઉત્તર લખો: (દરેકનાં ત્રણ ગુણ) (09 માંથી કોઈપણ 06)**

38) મોહેં – જો – દડો ના જાહેર સ્નાનાગાર અને જાહેર મકાનોની માહિતી આપો.
39) "લોથલ ભારતનું અગત્યનું બંદર હતું" – આ વિધાન સમજાવો.
40) નીચે આપેલ ચિત્ર કઈ વિદ્યાપીઠનું છે? તેની વિસ્તૃત સમજ આપો.



41) બિન આર્થિક પ્રવૃત્તિ અને આર્થિક પ્રવૃત્તિ વચ્ચેનો તફાવત જણાવો.
42) શબ્દ સમજાવો – જમીન
43) વૈશ્વિકરણના લાભ અને ગેરલાભ જણાવો.
44) મિ. લોબો એક પ્રતિષ્ઠિત દુકાનમાંથી જાણીતી કંપનીનું T.V. ખરીદે છે. પરંતુ ગેરેંટી સમય પહેલા તે T.V. બગડી ગયેલ તો કંપનીને ફરિયાદ કરતા કંપની સંતોષકારક જવાબ આપતી નથી. આ સર્જાયેલી પરિસ્થિતિમાં તમે મી.લોબોને શું સુચન કરશો?
45) 'અભયમ' યોજના શું છે? સમજાવો.
46) આતંકવાદ ની સામાજિક અસરો જણાવો.

વિભાગ – D (20 ગુણ)

**➔ નીચે આપેલા પ્રશ્ન નં.:- 47 થી 53 ના સવિસ્તાર ઉત્તર લખો: (દરેકનાં ચાર ગુણ) (07 માંથી કોઈપણ 04)**

**➔ પ્રશ્ન નં.:- 54 ફરજિયાત છે.**

47) વૈદકવિદ્યા અને શૈલ્યચિકિત્સાના ક્ષેત્રમાં ભારતનું મહત્વ સમજાવો.
48) ગણિતશાસ્ત્ર ક્ષેત્રે આર્યભટ્ટે કરેલી શોધો વિશે નોંધ લખો.
49) ક્યાં કારણોસર ભારતમાં કૃષિક્ષેત્રે પુરતો વિકાસ સાધી શકાયો નથી?
50) વિવિધ કૃષિ પદ્ધતિઓ સવિસ્તાર વર્ણવો.
51) બેરોજગારીનો અર્થ જણાવી, બેરોજગારીના પ્રકારો જણાવો.
52) 'ધનિક ભારતમાં ગરીબો વસે છે!' - આ વિધાન સમજાવો.
53) સામાજિક પરિવર્તન થવાના મુખ્ય પરિબળો જણાવો.
54) નકશો:
1. મગફળી ઉત્પાદન કરતો પ્રદેશ
2. મુંબઈથી દીલ્હી જતો રેલમાર્ગ (જંકશન) સાથે
3. સુતરાઉ કાપડ ઉદ્યોગનું મધ્યપ્રદેશ રાજ્યનું કેન્દ્ર
4. કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન